અપીલ અરજી નં.૨૪૬ તા.૨૬–૧૧–૦૮/૦૯

અરજદારઃ શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૭–૧૦–૦૮ ની અરજીથી ઉધના મેઈન રોડ પર સિલીકોન શોપર્સ સામે પૈયાર થતાં બાંધકામ સાહીન વે–બ્રીજ પાસે તૈયાર થતું બાંધકામ તથા રોડ નં.૩ ભાઠેના ખાડી પાસે તૈયાર થતા રિધ્ધિ સિધ્ધિના બાંધકામ અંગે મુદ્દા નં.૧ થી ૬ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૬–૧૧–'૦૮ ની અપીલ અરજી નં.૨૪૬/૨૦૦૮–૦૯

## ફરીયાદની હકીકતઃ–

શ્રી રમેશ કે. જાંગીડની તા.૭–૧૦–૦૮ ની અરજીથી ઉધના મેઈન રોડ પર સિલીકોન શોપર્સ સામે તૈયાર થતાં બાંધકામ સાહીન વે–બ્રીજ પાસે તૈયાર થતું બાંધકામ તથા રોડ નં.૩ ભાઠેના ખાડી પાસે તૈયાર થતા રિધ્ધિ– સિધ્ધિના બાંધકામ અંગે મુદ્દા નં.૧ થી ૬ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર ન મળવાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૬–૧૧–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ દિન–૦૫માં નીચે સહી કરનારને પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૨૪ તા.૨૮–૧૧–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી તા.૫–૧૨–૦૮ ના રોજ અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારની તા.૭–૧૦–૦૮ ની અરજી અંગે માંગ્યા મુજબની માહિતી બાબતે સા.ઝોન/ટેક./આ.નં.૫૭૮૦ તા.૧૭–૧૦–૦૮ થી અરજદારને જરૂરી દસ્તાવેજ ફી બે પાના માટે રૂ.૪/– તથા નકશાની એમોનીયા + ટ્રેસીંગ કોપીના રૂ.૨૪૦૦/– મળી કુળ રૂા.૨૪૦૪/– ભરી માહિતી મેળવવા સમય મર્યાદામાં જણાવેલ છે. પરંતુ અરજદારે તે અંગે ફી ભરી માહિતી મેળવી હોય એવા પુરાવા અત્રે રજુ કરેલ નથી. અપીલ તબકકે અરજદારે પ્રતિભાવ મળ્યો નહીં હોવાનું જણાવેલ છે તે સિવાય વિવાદનો કોઈ મુદ્દો નથી. જાહેર માહિતી અધિકારીનો અરજદારને ફી ભરવા જણાવતો પત્ર ધ્યાને લેતાં અરજદારની અપીલનું કારણ " પ્રતિભાવ મળ્યો નથી " તે પ્રથમદર્શી રીતે હકીકતથી વેગળું જણાય છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૭–૧૦–૦૮ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સા.ઝોન/ટેક./આ.નં.૫૭૮૦ તા.૧૭–૧૦–૦૮ થી માહિતી પૂરી પાડવા તૈયારી જણાવેલ છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ દર્શાવેલ નિર્દિષ્ટ નિયત ફી ભરી માહિતી મેળવી લેવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન... જાણ તથા અમલ માટે
(૨) શ્રી રમેશ કે. જાંગીડ